## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

### Day 31

આશાજી દીન રચાવી રચના કીધી, કીઆ હય દીન કીલતારજી;
રસુલથી જો ચાલજ ચાલી, તે અલી કેરા પરીવાર. હરી. (૩૭૬)

આશાજી અલી થકી બહુ ચેનજ ચાલ્યા, સો સતગુર નુરજ પાયાજી;
સાલેહદીન પુરા કહીએ, હુઆ દીન રહેમાન. હરી० (૩૭૭)

આશાજી શાહ શમસ કેરા દીન પીછાણો, ચઉદસ તેને પાયાજી;
સુરજ મંગાવી જોત દેખાડી, નર સોહી અવતાર. હરી० (૩૭૮)

આશાજી કરણી કારણ ખાલ ઉતારી, પરતક પીર પરમાણીયાજી;
મુઆ જીવતા જે નર કરે, કરણી વીના નહી હોય. હરી० (૩૭૯)

આશાજી નસીરદીન નુરજ પાયા, હુઆ સો દીન રહેમાનજી;
હીંદુ કેરી પુજા કરતા, કેને ન પાયા ભેદ. હરી० (૩૮૦)

આશાજી ચલતર હીન્દુ અંદર મુસલમાન, કોઇ નવ તેને જાણેજી;
રોમરાએ કાયા નવ રાખે, રાતીયા કરે ઉજાગરા. હરી० (૩૮૧)

આશાજી નસીરદીન એવા બુઝરગ કહીએ, કંઈ હીંદુને તાર્યાજી;
તીસકી આલ સાહેબદીન હુઆ, કીઆ સો દીન રહેમાન. હરી.(૩૮૨)

**Day 31 (continued)**

આશાજી સાહેબદીન ગરીબ વેશે, ફકીરી પુરી રાખીજી;
સુફલ તેણે દશોંદજ દીધી, તો પાયા દીન રહેમાન. હરી૦ (૩૮૩)

આશાજી પીર સદરદીન બુઝરગ કહીએ, સો બાર કરોડીના ધણીજી;
કલજુગમાંહે જીવડા તાર્યાં, સાચી દશોંદ આલી. હરી૦ (૩૮૪)

આશાજી પીર હસન કબીરદીન ગરીબ બંદા, હોતા સાહેબજીને શરણેજી;
અણુત કરોડીએ ગુરજી આવ્યા, કરવા જીવુંના કામ. હરી. (૩૮૫)

આશાજી આજ સદરદીન પીર હસન કબીરદીન, કહે સોહી ગીનાનજી,
હમતમ સરવે દસોંદ દેવે, તો પોહોંચો શાહને દુઆર. હરી. (૩૮૬)

આશાજી આજ નબીની જુગમાંહે આવી, તીનકું પુરા શ્રેવોજી;
આગલ વેલા દોએલી આવે, તે માંહે ન રહેવે ચીંત. હરી. (૩૮૭)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhādo over 40 days

### Day 32

આશાજી આલ હમારી જુગમાંહે જાણો, અઢાર ફરજંદ પુરાજી;
તેઓને તમે અમારા જાણો, પણ શ્રેવો ન સતગુર જાણી. હરી (૩૮૮)

આશાજી કલા સરવે કલા માંહે બેઠા, દુનીયામાં કલા ન જાણે કોઇજી;
ખોટી કલીમાંહે ચેતી કરી ચાલો, રાખો પુરો ઈમાન. હરી. (૩૮૯)

આશાજી ઈમાન સલામત શાહાકું શ્રેવો, હરામ તમાકું વારોજી;
શેતાન શરાબથી દુરજ રહેજો, તો પોહોંચો દેત્ર દુઆર. હરી. (૩૯૦)

આશાજી કલજુગ કુડો સહુ પાખંડે રાચે, અન્ધક્ષે જનમ ગમાયાજી;
નીચી પ્રીતે તે જીવ ચાલે, જે નહી વીચારે ગીનાન. હરી. (૩૯૧)

આશાજી ફરતાર વેલામાંહે અમર આવ્યા, તીનકું વીચારી ચાલોજી;
ઈમામ પાત્ર જે કોઇ આવે, તીનકું સહી કરી માનો. હરી. (૩૯૨)

આશાજી જીવ કારણ અવતાર લીધા, કલમાંહે અમે આવ્યાજી;
તપ કરી અમે નરને લાધા, માંગ્યા ધરમ દુઆર. હરી૦ (૩૯૩)

આશાજી નવ અવતાર નકલંકી લીધા, દસમે માનખા રૂપે અલી બેઠાજી;
એવી વેલા તમે સહી કરી જાણો, કરશે શાહ આપે ન્યાય.
હરી૦ (૩૯૪)

**Recitation of Ana(n)t Akhā*do* over 40 days**

**Day 32 (Continued)**

આશાજી સીધા તે જીવ વાટ જુએ છે, હજી ન હુઇ અસ્વારીજી;
કલજુગના મોમન મોટા કહેવાશે, અગવા તે જીવ ચાલે.
હરી૦ (૩૯૫)

આશાજી કલપ જુગના જીવડા, બેઠા કરે છે આસીસજી;
ધન ધન કરણી રખીસર તણી, તે માંહે બેઠા નકલંકી નાથ.
હરી૦ (૩૯૬)

આશાજી કલપ જુગથી કલજુગ મોટો, જે માહે નબી મહમદ આયાજી;
જીવુંને ઘેર વધામણા હોશે, હોશે તે દીનની વાટ. હરી૦ (૩૯૭)

આશાજી નબી ચાલે નુરજ વરસે, રખીસરને સીર છાંયજી;
આગલ સહુ ફીરસ્તા ચાલે, હોશે તે હુશીયારી. હરી૦ (૩૯૮)

આશાજી નુર પ્યાલા નબીઉં દેશે, રખીસર ઉભા પીવેજી;
અમરત મેવા અનંત આવે, સરવે રખીસરને ઘર દેશે. હરી.(૩૯૯)

આશાજી અમરત મેવા રખીસર માણે, રખીસર ઘેર વધાયુંજી;
નુરાની ખુરાક તેને ઘેર આણે, તે દરશે આપે અસવારી હરી. (૪૦૦)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

### Day 33

આશાજી મન વાંછીતા મેવા ખાશે, અને માણે હુરા પચાસજી;
નબી ચલકર આંગણે આવે, ધન ધન રખીસર અવતાર. હરી. (૪૦૧)

આશાજી નબી આવે નુરજ વરસે, દીન હુઆ રહેમાનજી;
કરણી કમાવો તો એવા ઘર પામો, પામો સરગમાંહે વાસ.
હરી૦ (૪૦૨)

આશાજી વધાઈયું તણા એવા ફલ પામો, પામો ગુરને હાથેજી;
દરશન દેવા અમ ઘર આવે, મહેર હુઈ મહેરબાની. હરી. (૪૦૩)

આશાજી મચ્છ રૂપે દાણુવ માર્યા, તેનો અંત જાણોજી;
પઈયારમાંહે રમીજમી આવ્યા, દાનવ માર્યા ત્યાંય. હરી૦ (૪૦૪)

આશાજી સંખાસુર તો સાહેર પેઠો, તોએ ન મેલ્યો તુંહીજી;
મારી દાણુવ વેદજ વાર્યા, રખીસર ઘેર વધાઈયું. હરી૦ (૪૦૫)

આશાજી ભગત રૂખમુગત તાર્યા, એવા તારા કામજી;
ભગત તાર્યા આપ ઉગાર્યા, માર્યો તે સંખાસુર. હરી૦ (૪૦૬)

આશાજી ગુપત કામ ગુપતજ કીધા, તેની સુધ નવ જાણુંજી;
કીરતા જુગમાંહે તમે આવ્યા, મચ્છ રૂપે અવતાર. હરી૦ (૪૦૭)

## Day 33 (Continued)

આશાજી કોરભ રૂપ તમેજ ધર્યા. તેની નકલંકી સુધ તું જાણેજી;
કાચબો થઈને દરીયા તર્યા, કીઆ સો એસા કામ. હરી૦ (૪૦૮)

આશાજી મધુકીટક દાણવને માર્યો, એસો તું આપોહી આપજી;
મારી દાણવ દુઃખજ ટાળ્યા, રખીસર ઘેર વધાઈયું. હરી૦ (૪૦૯)

આશાજી અમરીખ ભગત તાર્યા, સભામાંહે રાખી લાજજી;
ભગતુંને વારે શામીજી આવ્યા, આવ્યા ત્રીભોવર નાથ. હરી. (૪૧૦)

આશાજી ભગત તાર્યા ને ઠામજ આવ્યા, આવ્યા તે ત્રીભોવર સામીજી;
કોરભ રૂપે એવા ચેનજ કીધા, કીઆ સો આપોહી આપ.
હરી૦ (૪૧૧)

આશાજી વારા રૂપે આપજ ભણીએ, રહેતા તે જંગલ માંહેજી;
ધ્રુવ ભગત ત્યાં ભકિત કરતા, જાણે વીરલા કોઈ. હરી૦ (૪૧૨)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

### Day 34

આશાજી મોર દાણુવ સાહેબે સંગાર્યા, વારા રૂપે અવતારજી;
એવા ચેન તમેજ કીધા હો સામી, ધ્રુવ ભગત ઉધાર્યા. હરી. (૪૧૩)

આશાજી નરસી રૂપે તમેજ થયા, રહેતા કશમીર માંહેજી;
હરણાકંસ બહુ ક્રોધી ઉપનો, તેનો ક્રોધ ન જાય. હરી૦ (૪૧૪)

આશાજી ભકત પએલાજ તીસ ઘેર અવતર્યા દીન હુઆ રહેમાનજી;
ક્રોધી દાણુવ ક્રોધજ કીઆ, પએલાજ સીર દુઃખજ દીઆ.
હરી૦ (૪૧૫)

આશાજી નરસીં રૂપે દાણુવ માર્યા, ભગત પએલાજ ઉગાર્યાજી;
કરતા જુગમાંહે ચાર અવતારજ કીધા, કીધા સો શ્રી નારાયણ.
હરી૦ (૪૧૬)

આશાજી અવતારે અવતારે નરજી આવ્યા, આવ્યા તે ભગતોને કાજેજી;
રખીસર ઘેર શ્રી કાયમ સામી, ક્રોડ પાંચેસું પએલાજ તાર્યા,
હરી૦ (૪૧૭)

આશાજી વાયમણ રૂપે થયા હો સામી સોહી તુંહી અવતારજી;
પરતક પાત્ર સોહી ભણીએ, શ્રી ઇસ્લામશાહ આપ. હરી. (૪૧૮)

આશાજી બલરાજાને પાતાળે ઘાલ્યો, એવા તેં કીધા કામજી;
ભગતોની વારે સામીજી આવ્યા, આવ્યા તે આપોહી આપ.
હરી૦ (૪૧૯)

## Day 34 (continued)

આશાજી કમલાધેન ભગત તાર્યા, કીધા તે ભગતોના કામજી;
બલ ચાંપીને ભગત તાર્યા, નાખ્યા ચોથે પાતાળ. હરી० (૪૨૦)

આશાજી ફરસીરામે ફડસી લીધી, આવ્યા રખીઆ ઘેરજી;
પ્રુથ્વી મારી ફેરવી નાખી, કીધા ભગતોના કામ. હરી० (૪૨૧)

આશાજી શેસ્ત્રા અરજણ પીજંરે ઘાલ્યો, દોરી દીધી હાથજી;
તેરો અંત સામી તુંહીજ જાણે, કીરતાર કરે સો હોઇ. હરી. (૪૨૨)

આશાજી કમલાપતી ભગત તાર્યા, કીધા ભગતોના કામજી,
અવતારે અવતારે સામીજી આવ્યા, રખીસરને મન ભાવ્યા.
હરી० (૪૨૩)

આશાજી રામ રૂપે સોહી નર આવ્યા, તે ઘર સીતા નારજી;
અયોધ્યા કેરો રાજજ મેલી, ચાલ્યા વનવાસ. હરી० (૪૨૪)

આશાજી વનમાંહે રહીને રાવણ માર્યો દસ મસ્તકનો રાયજી;
લંકા કેરી પાજ બંધાવી, સાએર પત્થર તાર્યા. હરી० (૪૨૫)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

**Day 35**

આશાજી હરીચંદ્ર ભગત આપે ઉધાર્યા, તારા રાણી તેની નારજી;
રોહીદાસ કુંવર સુતજ કહીએ, પોહોતા વઈકુંઠ વાસ. હરી. (૪૨૬)

આશાજી સાત કરોડ મુંનીવર સીધા, સોંહી હરીચંદ્ર સાથેજી;
ગીનાન વીચારી જે જીવં ચાલ્યા, તે પોંહોતા દેવં દુઆર. હરી. (૪૨૭)

આશાજી કાન રૂપે કઈં જીવ તાર્યા, તેનોં અંત ન પારજી;
હસતા રમતા પુતનાં મારીં, માર્યો કંસાસુર રાય. હરી૦ (૪૨૮)

આશાજી મામો કંસાસુર ભાણેજે માર્યોં, તેનો અત ન પાયાજી;
લોક દેખતા મામાને માર્યો, કાધું આપ રાજં. હરી૦ (૪૨૯)

આશાજી સહદેવ ભંગત ભગતી કીધી, તેંના કીધા કામજી;
ભગત ઉગારી દાણુવ માર્યા, કીધા રખીસરના કામ. હરી૦ (૪૩૦)

આશાજી બુંધ રૂપે પાંડવને તાર્યા, કીધા પાંડવોના કામજી;
જુજેષ્ઠણુ ભંગત ઉગાર્યા, કીધા ભગતોના કામ. હરી૦ (૪૩૧)

આશાજી દુરજોધન શાહ આંપે સંગાર્યાં, કેરવ સરવે માર્યાજી;
માંરી દાંણુંવ નીરવંશંજ કીધા, કીધા આંપોહી આપં. હરી૦ (૪૩૨)

**Day 35 (continued)**

આશાજી કલમાંહે પાત્ર નીકલંકી આવ્યા, નર અવતાર ઈલાહીજી;
સોહી અવતાર અલી મલછમા બેઠા, જાણો શ્રી ઈસ્લામશાહ.
હરીં૰ (૪૩૩)

આશાજી એણે અવતારે કાલીંગાને મારશે, દાણવને સોહી સંગારશેજી;
મારી દાણવ સામી ખેલ કરશે, રખીસર ઘેર વધાઈયું. હરી. (૪૩૪)

આશાજી કમલાકુંવર ભગત તારે, ચીણુબ નગરી માંહેજી;
સાડી સાત કોડ ત્યાં મોમન હોશે, નીત નીત કરે વધાઈયું.
હરીં૰ (૪૩૫)

આશાજી સુરજા રાણી બહુ સુખ પામે, શાહજીના છત્ર હેઠેજી;
ખેલ સંપુરણ સરવે જોશે, જોશે ગુરનરનો દીદાર. હરીં૰ (૪૩૬)

આશાજી દસમે અવતારે એવા થઈને ચાલો, છેલી કાયા કીધીજી;
છેલ્લા જીવ સામી ઉગારી લીઓ, કરો અનત વધાઈયું. હરી. (૪૩૭)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhādo over 40 days

### Day 36

આશાજી પીર પેગમ્બર ઓલીયા અંબીઆ, સરવે જીવ તમારાજી;
મહેર કરો તમે મોરા સામી, હાથીણું દઈને ઉગારો. હરી. (૪૩૮)

આશાજી હાથીણું દઈને હાથીણું દેજો, ઉતારો વસમો અવતારજી;
મહેરકી નજર કરો મોરા સામી, અમને પાર ઉતારો. હરી. (૪૩૯)

આશાજી નવસો નવણું નદીયુ વહે છે, તારો દઈને ઉતારોજી;
હોડી બેડીનો પાર ન જાણું, હાથ દઈને ઉગારો. હરી૦ (૪૪૦)

આશાજી નવનાડ નવે પરતક બેઠા, કોસ નાડે પાર બંધાવોજી;
જ્યાં જોઉં ત્યાં સામી રાજો બેઠા, બેઠા તખત રચાઈ. હરી. (૪૪૧)

આશાજી નવે નાડે તમે ભ-પુર બેઠા, શેતાન દુર કરાવોજી;
ભલી બુરી સરવે તમારે હાથે, તમે સોહી પાર ઉતારો. હરી. (૪૪૨)

આશાજી ભલી કરાવો બુરી તજાવો, હરદોઈ હાથ તુમારેજી;
કીધા કરતપ માફ કરજો, તમે છો દેવ મોરાર. હરી૦ (૪૪૩)

આશાજી સોના રૂપા લાલ જવેર, હોશે ઉતમ કામજી;
ઉતમ કામ કરાવો મોરા સામી, તમે છો દેવ મોરાર. હરી.(૪૪૪)

**Day 36 (continued)**

આશાજી નર સોના ગુર રૂપા, હીરા રગીસર જાણોજી;
મોતી લાલ ગીનાન પીછાણો, તો જપો પીરશાહનો જાંપ.
હરી૦ (૪૪૫)

આશાજી કાહેર થઈને જે નર ચાલે, તે રહેશે ઘોર અંધારેજી;
મારગ જાણો તો જોત પીછાણો, ધરો મન હુશીયારી. હરી. (૪૪૬)

આશાજી ખણમાં તારે ખણ નર નીપના, નરેઈ નુર વસાયાજી;
તે જીવ થકી નરજી નીપાયા, સો સામી જલપાણી. હરી. (૪૪૭)

આશાજી પીંઢ થકી જો કાયા આવી, કમાઈએ નરને પાયાજી;
કરો કમાઈ કરો હુશીયારી, કરો મન આનંદ. હરી. (૪૪૮)

આશાજી ચેતી સગો તો ચેતીને ચાલો, ધરો મન હુશીયારીજી;
કમાઈ તણા ફલ વીણીને લેશો, જાશો સરગ દુઆર. હરી. (૪૪૯)

આશાજી ચંદન થાઓ તો ચેતીને ચાલો, ઘાસો દેહી આપણીજી;
ઘસતે ઘસતે સોરભ લાગે, ઉતમ કમાઈ થાએ. હરી૦ (૪૫૦)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

### Day 37

આશાજી રાતે સુઇ દીન ધંધે પડયા, દુનીયા સરવે સારીજી;
પડદે બેઠા શાહ સહુને જાણે, કરો મન હુશીયાર. હરી૦ (૪૫૧)

આશાજી ચાર પોહોર ચેતીને ચાલો, રાતીઆ કરો હુશીયારીજી;
માણુક મોતી જોઇને લેજો, કરો એહી વેપાર. હરી૦ (૪૫૨)

આશાજી માણુક મોતી ગીનાન વીચારો, ધરો શાહસું પ્યારજી;
હેત થકી તમે હેતજ રાખો, કરો મન મુરાદ. હરી૦ (૪૫૩)

આશાજી ચીતમાંહે ચેતીને આપજ રાખો, ગુરનર હય તેરી કાયા માંહેજી;
કાયા તેરી જો પીંઢ પકાવો, તો હોશે ગુરનરને સાથે. હરી. (૪૫૪)

આશાજી હીરા માણુક અપુરબ લાધા, પરખો પરમાણુડોરજી;
શરીર વેચી તમે હીરા વણજો, તો પોહોંચો ગુરનરને પાસ.
હરી૦ (૪૫૫)

આશાજી મારગ ચોખો મેલા કીજે, વાટ સુવાટે ચાલોજી;
સુરી નર કેરો જાપ કરશો, તો પોહોંચો ગુરનરને ઠામ. હરી. (૪૫૬)

આશાજી હમતમમાંહે નહી કુછ વીશ્વાસ, જો હોશે કીરીયા સારીજી;
દસોંદ દેતા જીવજ છુટે, પોહોંચે સરગ દુઆર. હરી૦ (૪૫૭)

## Day 37 (continued)

આશાજી દસોંદ દેવે નીતનીત લેવે, દાનપુન સોહીજી;
ભવસાગરના ફેરા છુટે, જો દેવે દસોંદ દાન. હરી૦ (૪૫૮)

આશાજી ફલ પાકે ફલજ લેશે, તે ગુર ભરમાજીકે હાથેજી;
એક ફલના સવાલાખ લેશો, લેશો શાહજીકે હાથે. હરી. (૪૫૯)

આશાજી ફલ લેવાને પુરા આવે, આવે તે શાહને હજુરજી;
જુગ દેખતા ફલજ આપશે, આપશે તે આપોહી આપ. હરી. (૪૬૦)

આશાજી ફલ દેતા ફલ સહુ કોઇ પામે, કમાઇ તણા ફલ લેશોજી;
ભમર પલંગ ઢોલીઆ લેશો, દેશો લેવણહાર. હરી૦ (૪૬૧)

આશાજી ખાન મલેક સરવે ઉભા, ઉભા કરે સલામજી;
નજરે દેખતા એવા ફલ લેશો, લેશો શાહને હાથ. હરી૦ (૪૬૨)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Day 38

આશાજી સરગ ભમણુમાંહે ગુર ને હુરૂં, રહેશે અંત રલીઆતજી;
નુરાની કાયા મોમનની હોશે, હોશે તેણું દીન. હરી૦ (૪૬૩)

આશાજી નીચ ઉંચ જીવડા સરવે, સામીજીના જીવ કહેવાયજીઃ
ઉતમ કરણી જે જીવ કરશે, ઉતમ તેઓને જાણુ. હરી૦ (૪૬૪)

આશાજી ઉતમ કરણી નીચ હોશે, પાપ એહી તોલે તમે દેખેજી;
તોલતા તોલતા સુધ તમને પોચશે, નીચ પોતાને જાણુ. હરી. (૪૬૫)

આશાજી તારારાણી નીચ ઘર આવી, પણ ઉત્તમ તેના કામજી;
સતીઆ સોહી મુનીવર કહીએ, જે જીવ સતજ રાખે. હરી (૪૬૬)

આશાજી રખીઆ ઘેર તો નારી રહેતી. સુખદુઃખ ગુરકું કહેતીજી;
એક દીન મારગ સાહેબે દેખાડયા, પણ ગુર વિના પંથ ન હોય.
હરી૦ (૪૬૭)

આશાજી ગત જુમલામાંહે હેતજ ઉપના, સાહેબે પેદા કીધીજી;
તીસ દીન રાણી દુઆ ફલ ખાતી, પોતી સરગ દુઆર. હરી. (૪૬૮)

આશાજી ગત જુમલે મીલી દુઆજ દીધી, સતગુર ભીરમા જાણીજી;
રાજા હરીચંદ હેતજ રાખ્યો, રાખ્યો નર પરસાદે. હરી૦ (૪૬૯)

Day 38 (continued)

આશાજી સરગ કારણ વીશ્વામીત્ર આવ્યા, આવ્યા અયોધાપુરી માંહેજી;
કસી કાયા કારી કીધી, કીધી ગુરનરને નામે. હરી૦ (૪૭૦)

આશાજી નાર થકી એ નર ઓધર્યા, હુઆ પુરા પુરખજી;
મારગ ચોખો એહીજ જાણો, જાણો ગુરનરને ઠામ. હરી૦ (૪૭૧)

આશાજી એવા જીવ થઈને ચાલ્યા, હુઆ દીનકે કામેજી:
જુગા જુગ તેઓના નામ લીખાણા, લીખાણા માંહે સંસાર.
હરી૦ (૪૭૨)

આશાજી તે રખીસરને ઘેર હુઇ વધાઇ, તેને ધરમે પાર ઉતાર્યાજી;
તેના ધરમ અમ થકી પાયા, પાયા સતપંથ સાર. હરી૦ (૪૭૩)

આશાજી રખીસર જેવા થઇને ચાલો, તો પોહોંચો સરગ દુઆરજી;
તે જેવી કરણી કરશો, તો પોંચશો સરગ દુઆર. હરી૦ (૪૭૪)

આશાજી અમે શાહજીકે હાટ વેચાણા, મેરા નહી કુછ ચાલેજી;
અમારા વચન જે જીવ માને, તે હોશે સરગ દુઆર. હરી. (૪૭૫)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

**Recitation of Ana(n)t Akhādo over 40 days**

**Day 39**

આશાજી ગીનાન વીચારી તમે ચાલો. કરા ગુરજીસું હાલજી.
જોત જંગાડીં જુમલો બેઠા, હોશે જેજેકાર. હરી૦ (૪૭૬)

આશાજી પાંચ મીલીને વીમરસ કીજે, કરજો હરસુ હેતજી;
ઘેર થકી તમેં ધરમસરા આવો, ધરમી ધરમ ચલાવો. હરી.(૪૭૭)

આશાજી પુનવત કાયા પુન રચાવો, પુને પુન લીખાણુાજી;
વચન અમારા સાચા થાશે, ચાલશે જુગાજુગ વાત. હરી. (૪૭૮)

આશાજી પાંચે પદમને બાર કલાસુ, ઉગી નરજી બેઠાજી;
કાયમ ખેલ તે આપે રચાવેં, કરશે સોહી સાર. હરી૦ (૪૭૯)

આશાજી એવા નર આજંજ બેઠા, તાસું પ્રીતજ રાખોજી;
પ્રીત રાખી તમે હેતસું ચાલો, તો પામો સરગ દુઆર. હરી. (૪૮૦)

આશાજી વરરાજા વર તખતેજ બેશે, વીશ્વ કુંવારી પરણેજી,
તે માંહે તમે મુનીવર મીલશો, મીલશો સેહેનજમાંહે. હરી. (૪૮૧)

આશાજી સહેન સઘલો ઘર આંગણુ બેસે, ચોરી આપ ચીત્રાવેજી;
એનસીઆ કુતા માતા દ્રોપદી આવે, આવે તે હરીચંદ્રની નાર.
હરી૦ (૪૮૨)

**Day 39 (continued)**

આશાજી ભુંગળા તુરી સેર શરણાઈ, સેહેને સેહેન વજાવેજી;
તાલ તંબોડા બહુતેરા વાજે, વાજે ચોરી પાસ. હરી૦ (૪૮૩)

આશાજી મોતી કેરા તોરણ બંધાશે, હીરે પાર બંધાશેજી;
સોના રૂપાના થંભ ચોતરાશે, એવી સરવે રચના થાયે. હરી. (૪૮૪)

આશાજી ચોધાર એક પાર બંધાએ, સો બાંધશે હુરા હુરજી;
રાતો ઉજળો રંગ રાખશે, કરશે સામ સાર. હરી૦ (૪૮૫)

આશાજી નીલીપીલી સન્યા બાંધે, કુંગરા કેરી પારજી;
ચોકી ઉપર તેજજ સોહીએ, સોહીએ ત્યાંજ સાર. હરી૦ (૪૮૬)

આશાજી એસી જોત શાહ જગાવે, ચોરી ઉપર જાણોજી;
કલપ જુગના જીવડા મીલશે, હોશે જેજેકાર. હરી૦ (૪૮૭)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

### Day 40

આશાજી એવા સેહેનમાંહેજ તો આવો, જો તમે સતે ચાલોજી;
મનગમતા તમે ફલજ લેશો, લેશો શાહને હાથ. હરી૦ (૪૮૮)

આશાજી સીરછત્ર શાહ આપે રચાવે, ધરમીને હેઠ બેસાડેજી;
ધરમી જે કોઇ ધરમજ જાણે, પાપ ન કરે લગાર. હરી૦ (૪૮૯)

આશાજી કલજુગમાંહે પાપ અતી વરત્યા, તે માંહે ધરમ રાખોજી;
એક દેશો તેના બહુ ફલ લેશો, સહુથી ઉતમ કહેવાય. હરી.(૪૯૦)

આશાજી અંતકાળમાંહે તમે છો રાજા, હુમ હું તેરા દાસજી;
તે વેલામાંહે સંભાલીને લેજો, હાથીણું દઇને તારો. હરી૦ (૪૯૧)

આશાજી કંઇ જીવ ત્યાં ભુલી જાશે, તે માંહે કોણ સંભારેજી;
ચીત દઇને મહેરજ રાખો, હુમઇ તેરા દાસ. હરી૦ (૪૯૨)

આશાજી મહેર કરો મોરા સામી, દયા કરી ઉગારોજી;
વનમાંહે અમે એકલા રહેવે, તે વન સરવે તારો. હરી૦ (૪૯૩)

આશાજી તમ દીઠે વન મોરી ચાલે, ચાલે સરવે સાથેજી;
નજર કરતા સરવેઇ ચાલે, ચાલે સરગ પઈયાર. હરી૦ (૪૯૪)

## Day 40 (continued)

આશાજી હમ બંદા હમહી વીનવું, હમ તેરી ફરીયાદજી;
કાચી પાકી સરવે તરો, તે તમે ઉગારો. હરી૦ (૪૯૫)

આશાજી રેતમાંહે હીરા બેઠા, તેનો મુલ ન જાણુંજી,
પારખું હાથે જઈને પચા, તબ હુઆ હીરા લાલ. હરી૦ (૪૯૬)

આશાજી હમ સો રેત તમસેઃ હીરા, ઉસમે પારખું કોણજી;
નજર તમારી મહેરકી હોવે, તો ભરમા સુણાવે જ્ઞાન. હરી૦ (૪૬૭)

આશાજી તમે પારખુ તમે હીરા, હમ સો કુછ નાંહીજી;
સીસું સોધી રૂપું કરવું, કરો સો આપોહી આપ. હરી૦ (૪૯૮)

આશાજી તમેહી માતા તમેહી પીતા, તમેહી મોરા સામીજી;
સીરબંધ તમે બાંધો મોરા સામી, અણુતકો ભાર ઉઠાયે.
હરી૦ (૪૯૯)

આશાજી અણુતકો ભાર સરવેઇ પાયો, હક સાચ પીછાણોજી;
પીર હસન કબીરદીન ગુર એમહી બોલ્યા, બોલ્યા તે સાચોઇ સાચ.
હરી અનત અનંત હરી અનંતેજો સામી શાહ અનતેંજો અંત
તુંહી જાણેજી; (૫૦૦)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)